*એમ. એસ. પટેલ*
*ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી*
*ઓફીસર અને અપીલ અધિકારી (RTI)*

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
મુગલીસરા, સુરત–૦૩
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)

**પ્રથમ અપીલ**

**અરજી નં.SMC/INQ/FAP/NO.01,**
**૨૦૨૪–૨૫**

**અરજદાર :**
**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

***<u>ફરીયાદની હકીકત :–</u>***

**વિષયઃ–** આઈ.ડી.નં. ૬૩૨ જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી પૂર્વઝોન (વરાછા) ના પત્ર નં. ઈસ્ટઝોન/આરટીઆઈ સેલ/ જાવક નં.૪૧૯, તા.૨૭/૦૬/૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/ ૫૯૫૯૨) જે અત્રેના ખાતાને તા.૨૬/૦૬/૨૦૨૪ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે આપવામાં આવેલ જવાબથી નારાજ થયેલ હોવાનું જણાવી તા.૦૯/૦૮/૨૦૨૪ થી કરેલ પ્રથમ અપીલ અરજી બાબત.

***<u>અપીલના મુદ્દા :–</u>***

અરજદારે અપીલમાં આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની આઈ.ડી.નં. ૬૩૨ જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી પૂર્વઝોન (વરાછા) ના પત્ર નં. ઈસ્ટઝોન/આરટીઆઈ સેલ/ જાવક નં.૪૧૯, તા.૨૭/૦૬/૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૫૯૫૯૨) જે અત્રેના ખાતાને તા.૨૬/૦૬/૨૦૨૪ નાં રોજ મળેલ છે. જે અરજી અંગે આપવામાં આવેલ જવાબથી નારાજ થયેલ હોવાનું જણાવી તા.૦૯/૦૮/૨૦૨૪ના રોજ પ્રથમ અપીલ કરેલ છે. જે અપીલ અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.01/૨૦૨૪–૨૫ થી નોંધ કરેલ છે. જે અપીલ અન્વયે તત્કાલિન જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) એ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

**<u>જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ</u>–**

જાહેર માહિતી અધિકારી અને આકારણી અધિકારી પૂર્વઝોન (વરાછા) ના પત્ર નં. ઈસ્ટઝોન/આરટીઆઈ સેલ/ જાવક નં.૪૧૯, તા.૨૭/૦૬/૨૦૨૪ (કોમ્પ્યુટર આઈ.ડી. નં. ૩૦૦/૫૯૫૯૨) જે અત્રેના ખાતાને તા.૨૬/૦૬/૨૦૨૪ નાં રોજ મળેલ છે. અત્રેના ઈન્કવાયરી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૦૧, તા.૧૨/૦૭/૨૦૨૪ થી નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

| અરજીના મુદ્દા નં. | માંગેલી માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૧ | પૂર્વઝોન–એ (વરાછા) માં ઉમરવાડા સરદાર પટેલ કોમ્પલેક્ષમાં જન ભાગીદારી ઈજારદાર એમ.પી.ફીટનેસ એન્ડ સ્પોર્ટસ વર્લ્ડની આકારણી અને ટેન્ડર ડીસપ્યુટનાં શ્રી જતિન દેસાઈ એડી.સીટી.ઈજનેરશ્રી (તપાસ અધિકારીશ્રી) નાં તપાસ રીપોર્ટની માહિતી આપવા બાબત. | (૧) નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ<br>(૨) તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ<br>(૩) નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય,<br>(૪) માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો. |

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં જે માહિતીની માંગણી કરેલ તે અન્વયે અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ....

(૧) નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ

(૨) તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ

(૩) નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય,

(૪) માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો.

ક્રમ નં. (૧) થી (૪) અન્વયે આપશ્રીએ માંગેલ માહિતી રેકર્ડ ઉપર આંશિક ઉપલબ્ધ હોય તો પણ આપી શકાય નહિ." મુજબનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૦૧, તા.૧૨/૦૭/૨૦૨૪ થી તત્કાલિન જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

**<u>સુનાવણીની વિગતો :–</u>**

પ્રથમ અપીલ અધિકારી ધ્વારા અરજદારશ્રીને અત્રેના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૯૮, તા.૩૦/૦૮/૨૦૨૪ થી રૂબરૂ સુનાવણી માટે તા.૦૬/૦૯/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪.૦૦ કલાકે બોલાવવામાં આવેલ. રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રીએ ઉપસ્થિત રહી રજુઆત કરેલ કે, અમો ધ્વારા તા.૧૯/૦૬/૨૦૨૪ ના રોજ આઈ.ડી.નં.૬૩૨ થી નમુનો–(ક) ની અરજી પૂર્વઝોન–એ, વરાછામાં ઉમરવાડા સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ સુરત મહાનગરપાલિકાના આકારણી અને ટેન્ડર ડીસ્પુટના તપાસની કામગીરી માનનીય કમિશ્નરશ્રીએ એડી.સીટી ઈજનેરશ્રી જતીનભાઈ દેસાઈને સોંપેલ તે તપાસ રીપોર્ટની માંગણી કરેલ જે તપાસ રીપોર્ટ અમોને ના મળતા સદર અપીલ કરેલ છે. જેથી અમોને તપાસ રીપોર્ટ આપવા અમારી રજુઆત છે.

**<u>અપીલ અધિકારીનું તારણ :–</u>**

અરજદારની નમુના–ક ની અરજીની વિગતોમાં મુદ્દા નં. ૧ માં "પૂર્વઝોન–એ (વરાછા) માં ઉમરવાડા સરદાર પટેલ કોમ્પલેક્ષમાં જન ભાગીદારી ઈજારદાર એમ.પી.ફીટનેસ એન્ડ સ્પોર્ટસ વર્લ્ડની આકારણી અને ટેન્ડર ડીસપ્યુટનાં શ્રી જતિન દેસાઈ એડી.સીટી.ઈજનેરશ્રી (તપાસ અધિકારીશ્રી) નાં તપાસ રીપોર્ટની માહિતી" ની માંગણી કરેલ જે અન્વયે અરજદારને કરવામાં આવેલ પૂર્તતામાં જણાવ્યા મુજબ....

(૧) નામદાર સુપ્રિમ કોર્ટની એપેલેટ બેન્ચ સમક્ષની સ્પે.લીવ પીટીશન (સીવીલ) નં.૨૭૭૩૪/ ૨૦૧૨ (ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિ.સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશ્નર અને બીજા) ના કામે તા.૩/૧૦/૨૦૧૨ ના રોજ આપેલ રીપોર્ટેબલ જડ્જમેન્ટમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ

(૨) તે જ સિધ્ધાંત મુજબ નામદાર ગુજરાત આયોગના રાજય મુખ્ય માહિતી કમિશ્નરશ્રી બલવંતસિંઘ સાહેબે તેમની સમક્ષની બીજી અપીલ નં.અ–૩૭૧૫–૨૦૧૬ ના કામે આપેલ ચુકાદા મુજબ સરકારી અધિકારી વિરૂધ્ધની તપાસ/ફરિયાદ અંગેની માહિતી "અંગત" માહિતી ગણાતી હોય તેમજ

(૩) નામદાર સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨/૨૦૦૯ કેનેરા બેંક વર્સીસ સી.એસ.શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૨૦૧૭ ના ચુકાદામાં તમોએ માંગેલ માહિતી જાહેર કરવાની બાબત વિશાળ જાહેર હિતમાં સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય,

(૪) માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૮ (૧)(ઠ) ની જોગવાઈ મુજબ ત્રાહિત પક્ષકાર/અરજદારને માંગણી મુજબની માહિતી જાહેર કરવા જોગ નથી. જે જાણશો.

ક્રમ નં. (૧) થી (૪) અન્વયે આપશ્રીએ માંગેલ માહિતી રેકર્ડ ઉપર આંશિક ઉપલબ્ધ હોય તો પણ આપી શકાય નહિ." મુજબનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૨૦૧, તા.૧૨/૦૭/૨૦૨૪ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા જવાબ (પુર્તતા) પાઠવવામાં આવેલ.

આમ, ઉપરોકત ચર્ચેલ વિગતે અરજદારની નમુના–ક ની અરજીમાં માંગ્યા મુજબ ઉપર જણાવેલ વિગતે તત્કાલિન જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય તથા સમયસર જવાબ પાઠવવામાં આવેલો હોવાનું જણાય છે અને અરજદાર ધ્વારા પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું જણાતું નથી. તેથી હાલ અરજદાર અપીલમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની અરજીના મધ્યસ્થ મહેકમ (ઈન્કવાયરી) વિભાગને લાગત મુદ્દા નં. ૧ પરત્વે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય જણાતી હોય **અપીલ અરજી દફતરે કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.**

અરજદાર આ હુકમથી નારાજ હોય તો માહિતી મેળવવાના અધિનિયમની કલમ–૧૯(૩) તેમજ ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ની કલમ–૬(૨) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં રાજય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ, ''કર્મયોગી ભવન'' બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ગુજરાતને કરી શકશો.

વિકલ્પે

આયોગની વેબસાઈટ http://gic.gujarat.gov.in/default.aspx ઉપર Online બીજી અપીલ કરવા તમો હકકદાર છે.

(એમ. એસ. પટેલ )
ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
પ્રથમ અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૧૭
તા.૧૦/૦૯/૨૦૨૪

**પ્રતિ,**

(૧)

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ માટે.

***એમ. એસ. પટેલ***
*ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી*
*ઓફીસર અને અપીલ અધિકારી (RTI)*

**સુરત મહાનગરપાલિકા,**
**મહાનગર સેવા સદન,**
**મુગલીસરા, સુરત–૦૩**
ફોનઃ ૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.૩૪૧)
મો.નં. : ૯૭૨૪૩–૪૫૫૩૩

નં.જીએડી/ઈએસટી/આઈ/૭૭૪
તા.૧૧/૦૨/૨૦૨૫

**નમુનો – ઘ**
(જુઓ નિયમ–૪(૨))
બીજા જાહેર સત્તામંડળને લગતી અપીલ અરજીની તબદીલી

**પ્રતિ,**
અપીલ અધિકારી
અને કાર્યપાલક ઈજનેરશ્રી,
ઉધના ઝોન–બી
સુરત મહાનગરપાલિકા,
સુરત.

**શ્રીમાન,**

નીચે સહી કરનારને ઉદ્દેશીને કરવામાં આવેલી માહિતી પુરી પાડવા અંગે શ્રી મુકેશભાઈ બી.પટેલની તા.૧૫/૦૧/૨૦૨૫ ની અપીલ અરજી નં. ૦૨ (મૂળ અરજી આઈ.ડી. નં.૩૮૬, તા.૧૦/૧૨/૨૦૨૪) અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિટેન્ડન્ટ ના પત્ર નં.સી./એફ.એ.પી/૪૬, તા.૦૪/૦૨/૨૦૨૫ થી અત્રેના ખાતાને તા.૦૬/૦૨/૨૦૨૫ નાં રોજ મળેલ છે. જે અત્રેના અપીલ રજીસ્ટરે નં.INQ/FAP/NO.02/૨૦૨૪–૨૫ થી નોંધ કરેલ છે.

ઉકત અપીલ અરજીમાં માંગવામાં આવેલ માહિતીની મુળ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સાઉથઝોન–બી ને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૭૯, તા.૨૪/૧૨/૨૦૨૪ થી સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હતી. જેથી સદર અપીલ અરજી અત્રેના સક્ષમ સત્તામંડળના અધિકારક્ષેત્રમાં આવતી નથી અને તે આપના અધિકાર ક્ષેત્રમાં આવે છે. તેથી આ સાથે પ્રથમ અપીલ અરજી સંપુર્ણ તબદીલ કરવામાં આવે છે.

**અપીલ અધિકારી અને**
**ઈ.ચા.ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફિસર**
**સુરત મહાનગરપાલિકા**

**નકલ રવાના :–**
**પ્રતિ,**

આપની અપીલ અરજી આ સત્તામંડળના અધિકાર ક્ષેત્રમાં ન આવતી હોવાથી તે જેના અધિકાર ક્ષેત્ર હેઠળ આવે છે તેને સંપુર્ણ તબદીલ કરવામાં આવી છે. સંબંધિત સક્ષમ સત્તામંડળનો સંપર્ક સાધવા વિનંતી.